# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ,વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૦ માં જે વિદ્યાર્થીઓ એક(૧) અથવા બે(૨) વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક(૧) અથવા બે(૨) વિષયમાં અનુત્તિર્ણ હોવાને કારણે ગુણ પત્રકમાં (NEEDS IMPROVEMENT) "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા જે વિદ્યાર્થીઓ એક(૧) અથવા બે(૨) વિષયની પૂરક પરીક્ષા આપવા ઇચ્છૂક હોય તે પરીક્ષાર્થીઓ વર્ષ-૨૦૨૦ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

આ પૂરક પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા hscgenpurakreg.gseb.org પરથી ONLINE કરવાનું રહેશે. (આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફકત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. રૂબરૂ કે ટપાલ દ્વારા આવેદન સ્વીકારવાની પધ્ધતિ અમલમાં નથી.)

જે વિદ્યાર્થીઓનું અગાઉ એક વિષય માટે આવેદન(રજીસ્ટ્રેશન) કરી ફી ભરેલ હોય તેઓએ ફરીથી ફોર્મ ભરવાના નથી,બાકી રહેલ વિદ્યાર્થીઓ માટે આવેદન કરી ફી ભરી શકાશે જેની ખાસ નોંધ લેશો.

પરીક્ષા માટેનું આવેદન તા:-૨૫/૦૮/૨૦૨૦ ના રોજ સાંજે ૧૮:૦૦ કલાકથી તા:-૦૪/૦૯/૨૦૨૦ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇન કરી શકાશે.

ખાસનોંધ:-

1. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-2020 માટે ઓનલાઇન આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.
2. COVID-19 ની પરિસ્થિતિમાં જે વિદ્યાર્થીઓ શાળા પર જઇ આવેદન માટેની સંમતિ આપવા તથા ફી ભરવા જઇ શકે તેમ ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી સ્વયં ઓનલાઈન આવેદન કરીને નિયત ફી ભરી શકશે.
3. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સુચનાઓ ઉપરોકત વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.
4. એક વિષય માટેની પરીક્ષા ફી રૂ.૧૪૦/- રહેશે, બે વિષય માટેની પરીક્ષા ફી રૂ.૨૨૦/- રહેશે અને પ્રાયોગિક વિષયની વિષયદીઠ ફી રૂ.૧૦/- રહેશે.
5. એક વિષયમાં અનુત્તિર્ણ વિદ્યાર્થીઓની યાદી આપને માર્ચ-૨૦૨૦ ના પરિણામ સાથે મોકલી આપવામાં આવેલ હતી. બે વિષયમાં અનુત્તિર્ણ વિદ્યાર્થીઓની યાદી SR પરથી/અથવા ઓનલાઇન દેખાતી યાદી પરથી બનાવી લેવાની રહેશે.

ઉપરોકત બાબતે શાળાના આચાર્યશ્રી/વાલીઓ/વિદ્યાર્થીઓએ નોંધ લઇ જરૂરી કાર્યવાહી સમયમર્યાદામાં કરવાની રહેશે.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તા:- ૨૫/૦૮/૨૦૨૦
સ્થળ - ગાંધીનગર